# હેવેલ્સ સ્વિચગીયર બિઝનેસને બમણો કરશે

અમદાવાદ, ૧૩ જુલાઈ ૨૦૧૧: ઈલેક્ટ્રિકલ ક્ષેત્રની ભારતની અગ્રણી કંપની હેવેલ્સ ઈન્ડિયા લિમિટેડ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોની માગ પૂરી કરવા માટે સાહિબાબાદ ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ગાઝિયાબાદ (યુપી)માં વધારાનો પ્લાન્ટ સ્થાપીને તેની સ્વિચગીયર ઉત્પાદન ક્ષમતાનું વિસ્તારણ કર્યું છે. કંપનીએ સ્વિચગીયરની સમગ્ર રેન્જનું વિસ્તરણ કર્યું છે. કંપનીએ

આગામી ત્રણ વર્ષમાં સ્વિચગીયર સેગમેન્ટની આવક રૂ. ૯૦૦ કરોડથી વધારીને રૂ. ૧૮૦૦ કરોડ કરવાનો લક્ષ્ય મૂક્યો છે.

આગામી બે વર્ષમાં ઈન્ડસ્ટ્રીયલ સ્વિચગીયર સેગમેન્ટની આવક વધીને રૂ. ૪૦૦ કરોડ થવાની ધારણા છે, જે હાલમાં રૂ. ૨૦૦ કરોડ છે.

હેવેલ્સનો સાહિબાબાદ પ્લાન્ટ દેશમાં અત્યાધુનિક પ્રોડક્ટ્સ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સમાં સ્થાન પામે છે. તે ૧૦.૫૦ એકર વિસ્તારમાં ફેલાયેલો છે. શાહિબાબાદ પ્લાન્ટમાં હેવેલ્સ દ્વારા ઉત્પાદિત મુખ્ય ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટ્સમાં એર સરકિટ બ્રેકર (એસીબી), મોડ્યુલ્ડ કેસ સરકિટ બ્રેકર (એમસીસીબી), કન્ટ્રોલગીયર રેન્જ અને ચેન્જઓવર સ્વિચનો સમાવેશ થાય છે.

હેવેલ્સે શાહિબાબાદમાં નવી અત્યાધુનિક ફેક્ટરી સ્થાપવા માટે રૂ.૫૦ કરોડનું રોકાણ કયુ છે. વિસ્તરણ યોજના અંગે ટિપ્પણી કરતા હેવેલ્સ ઈન્ડિયા લિમિટેડના પ્રમુખ સુનિલ સિક્કાએ જણાવ્યું હતું કે, "અમે બજારના ઝડપથી બદલાતા પરિમાણને અનુરૂપ બનવા અમારી ક્ષમતાનું સતત વિસ્તરણ કરી રહ્યા છીએ અને ઉદ્યોગમાં નોંધપાત્ર ફેરફાર લાવવા સંશોધન અને વિકાસ (આરએન્ડડી) પર સતત ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છીએ. નવી સુવિધામાં મોટા પાયે ઓટોમેટેડ કામગીરી થતી હોવાથી સિસ્ટમ્સની કાર્યક્ષમતા સુધરવાથી હરીફો કરતા અમે આગળ રહીશું અને હાઈ એન્ડ સ્વિચગિયર પર ધ્યાન કેન્દ્રીત કરી શકીશું." હેવેલ્સે કન્ટ્રોલગિયર સેગમેન્ટમાં નવી શ્રેણી કોસ્મિક સ્ટાર લોંચ કરી છે, જે ૩પી અને ૪પી એક્ઝિક્યુશનમાં ૪એ- ૬૦૩એ, ડાયરેક્ટ વર્ઝનમાં ૦.૧એ-૯૩એ અને ઈલેક્ટ્રોનિક વર્ઝનમાં ૩૦એ-૬૩૦એ સુધીની કોન્ટેક્ટર રેન્જ આવરી લે છે. નવી સિરીઝની ડિઝાઈન ઉત્તમ છે અને તેનું ઉત્પાદન વૈશ્વિક ધારાધોરણો પ્રમાણેનું છે.